# ગુજરાત ગ્રામીણ બેંક
## ભાવનગર રીજીયન

રીજિયન ઓફીસ , બીજો માળ ,દવે મીઠાઈ વાળા ની ઉપર વિશ્વકર્મા સર્કલ પાસે , ભાવનગર ૩૬૪૦૦૧
ઈ-મેઈલ: r4credit@sgbrrb.org

**સરફાએસી એક્ટ ૨૦૦૨ અંતર્ગત જંગમ તથા સ્થાવર મિલકતોના વેંચાણ માટેની ઈ-હરરાજી નોટીસ**

**જંગમ તથા સ્થાવર મિલકતોની ધી સીક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, ધી સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ ના નિયમ ૬(૨) તથા ૮(૬) ની જોગવાઈઓ સાથે વંચાણે લઈ તે તળે ની ઈ-હરરાજીની વેંચાણ નોટીસ**

આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને સબંધિત ઉધારકર્તાઓ, ભાગીદારોને નોટીસ આપવામાં આવે છે કે નીચે વર્ણન કર્યા મુજબની જંગમ તથા સ્થાવર મિલકતો સદર સુરક્ષિત લેણદાર ગુજરાત ગ્રામીણ બેંક (અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકને) ગીરવે/ તારણે કરી આપેલ છે અને જેનો પ્રત્યક્ષ કબજો ગુજરાત ગ્રામીણ બેંક (અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક) ના અધિકૃત અધિકારીએ મેળવેલ છે તે મિલકતો ગુજરાત ગ્રામીણ બેંક (અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક) ના સબંધિત ઉધારકર્તાઓ, ભાગીદારો પાસે નીચેની વિગતે બાકી નીકળતા લ્હેણાની વસુલાત માટે "જ્યાં છે ત્યાં છે", "જે છે તે છે" અને "જે કંઈ ત્યાં છે" ના ધોરણે **૧૩ જુન, ૨૦૨૫** ના રોજ ઈ-હરરાજી દ્વારા વેંચાણ કરવામાં આવશે. ઉધારકર્તાઓ, ભાગીદારો, જેની વસુલાત માટે મિલકતો વેંચવાની છે તે સુરક્ષિત લ્હેણાની રકમ, સુરક્ષિત મિલકત/તો ની વિગત, અનામત રકમ (રીઝર્વ પ્રાઈસ), બાનાની રકમ (અર્નેસ્ટ મની ડીપોઝીટ), ઈ-હરરાજીની તારીખ અને સમય અને હરરાજીમાં બોલીમાં વધારો કરવાની રકમ (Bid Increase Amount) વિગેરે ની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | ઉધારકર્તા નું નામ અને સરનામુ તથા ભાગીદારો /જામીનદારોના નામ | વસુલવાપાત્ર લ્હેણું | સ્થાવર/ જંગમ મિલકતની વિગત | અનામત કિંમત (રૂ.) | બાનાની રકમ (રૂ.) | બોલીમાં વધારો કરવાની રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | મે. વી.પી.સ્ટીલ ઈન્ડસ્ટ્રીયલ પ્લાન્ટ -ઘાંઘળી , આર. એસ. નં ૬૬૮/૯ પૈકી ૪, ભાવનગર – અમદાવાદ રોડ ,ગામ – ઘાંઘળી , તાલુકા – શિહોર , જીલ્લો –ભાવનગર-૩૬૪૨૪૦ | રૂ. ૨,૯૩,૨૪,૨૮૯/- (તા. ૧૧.૦૮.૨૦૨૦ ની ડીમાંડ નોટીસ મુજબ) + ત્યારબાદનું તેની ઉપરનું વ્યાજ, ખર્ચાઓ વિ.-ત્યાર બાદની વસુલાત) | **<u>લોટ નં. ૧: મેઈન શેડ અને અન્ય શેડ</u>** કંપની ની ફેક્ટરી સાઈટ ઘાંઘળી , રેવેન્યુ સર્વે નં ૬૬૮/૯ પૈકી ૪, ભાવનગર – અમદાવાદ રોડ ,ગામ – ઘાંઘળી , તાલુકા – શિહોર , જીલ્લો –ભાવનગર-૩૬૪૨૪૦ સ્થળે અને ખાતે આવેલ છે. | ૪૮,૮૫,૦૦૦ /- | ૪,૮૮,૫૦૦/- | ૨૫,૦૦૦/- |
| | | | **<u>લોટ નં.૨: જમીન અને તેના ઉપર નું બાંધકામ ( મેઈન શેડ અને અન્ય શેડ સિવાયનું)</u>** જમીન તેમજ તેના ઉપર નું બાંધકામ, જેનો કુલ જમીન વિસ્તાર ૧૨,૧૪૧ ચો.મી (રેવેન્યુ રેકોર્ડ મુજબ)., રેવેન્યુ સર્વે નં ૬૬૮/૯ પૈકી ૪, ભાવનગર – અમદાવાદ રોડ, ગામ – ઘાંઘળી , તાલુકા – શિહોર , જીલ્લો –ભાવનગર-૩૬૪૨૪૦. | ૧,૫૧,૬૦,૦૦૦/- | ૧૫,૧૬,૦૦૦ | ૨૫,૦૦૦/- |

મહત્વની તારીખો:

- મિલકતોના નિરીક્ષણની તારીખ અને સમય: મિલકત લોટ નં. ૧ તથા ૨ માટે: તા. ૦૪.૦૬.૨૦૨૫ , સવારના ૧૧.૦૦ થી બપોરના ૧.૦૦ સુધી
- બાનાની રકમ શાખાના ઈન્ટરમીડીયરી ખાતા -ખાતા નં.૭૮૦૨૩૫૩૦૪૨૧ માં (IFSC: SGBA0000252) થી ભરવાની તથા અધિકૃત અધિકારીને જરૂરી દસ્તાવેજો પહોંચતા કરવાની છેલ્લી તારીખ: તા. ૧૧.૦૬.૨૦૨૫ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી.
- ઈ- હરરાજી ના તારીખ અને સમય: તા. ૧૩.૦૬.૨૦૨૫, સવારના ૧૧.૦૦ થી બપોરના ૧.૦૦ (બંધ થવાની છેલ્લી ૫ મીનીટમાં બોલી (બીડ) આવે તો આપમેળે એક્ષટેન્શન સાથે)

**<u>REMARKS: Disclosure in terms of final judgement and order dated 10.09.2024 passed by the Hon'ble Gujarat High Court in Special Civil Application No.8773 of 2024:</u>**

(1) As per the communication dated 07.12.2024 of the State Tax Officer, Bhavnagar, a charge of the Value Added Tax Department operates on the immovable property <u>(Lot No.2)</u> described/mentioned hereinabove vide attachment order dated 28.01.2021 read with attachment order dated 12.07.2024 passed by the Assistant Commissioner, Commercial Tax, Bhavnagar.

(2) Under Rule 8(7)(f) of Security Interest (Enforcement) Rules, 2002, the undersigned considers it necessary and appropriate to state/inform about the Division Bench judgement of the Hon'ble Gujarat High Court dated 26.07.2024 in SCA 2527 of 2023 wherein it has been observed inter alia that the secured creditor shall have first charge in view of the priority of charge as prescribed in section 26E of the SARFAESI Act; that the charge in respect of the property created for sales tax dues or VAT dues is of no avail and has no efficacy in law in view of the provisions of SARFAESI Act and the RDB Act and that the successful auction purchaser would become the absolute owner of the property once a sale certificate has been issued in the purchaser's name and a (registered) sale deed is executed in the purchaser's favour. A copy of the said judgement dated 26.7.2024 is available with the undersigned for perusal of prospective purchasers/bidders.

ઈ-હરરાજીના વિગતવાર નિયમો અને શરતો બેંકની વેબસાઈટ લીંક https://www.gujaratgb.in/e_auction.php ઈ-હરરાજી C1 INDIA PVT.LTD ની વેબસાઈટ લીંક https://www.bankeauctions.com ઉપર આપેલ છે જેનો હરરાજી પ્રક્રિયામાં ભાગ લેતા પહેલા અભ્યાસ કરી જવો. હરરાજીમાં રસ ધરાવતા બોલી બોલનારાઓ બેંકના અધિકૃત અધિકારી નો સંપર્ક પણ કરી શકે છે (મોબાઈલ નં. ૭૫૭૪૮૦૮૪૦૦/ ૭૫૭૪૮૦૮૦૪૧). સરકારશ્રી ના લાગુ નિયમ મુજબ નો ટેક્ષ/ જી.એસ.ટી. હરરાજીમાં મિલકત ખરીદનારે ભરવાનો રહેશે.

**આ નોટીસને ઉધારકર્તાઓ, ભાગીદારો માટે પણ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ,૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮(૬) હેઠળ ૧૫ દિવસની વૈધાનિક વેચાણ નોટીસ ગણવામાં આવશે.**

ઉધારકર્તાઓ, ભાગીદારોને આથી ઉપર જણાવેલ વસુલવાપાત્ર લ્હેણું જે તે તારીખના વ્યાજ તથા તમામ આનુસંગિક ખર્ચાઓ સહીત સદર હરરાજીની તારીખ પહેલા ભરપાઈ કરી જવા નોટીસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ ગયે ઉક્ત મિલકતોની હરરાજી/ વેંચાણ કરી નાખવામાં આવશે અને ઘટતી રકમ, જો કોઈ રહે તો, તે વ્યાજ અને ખર્ચાઓ સાથે ઉધારકર્તાઓ/ભાગીદારો પાસેથી વસુલવામાં આવશે.

(આ હરરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ માન્ય ગણાશે)

**તારીખ: ૨૮.૦૫.૨૦૨૫** **-સહી-**

**સ્થળ: ભાવનગર** **અધિકૃત અધિકારી, ગુજરાત ગ્રામીણ બેંક (અગાઉ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક), ભાવનગર રીજીયન**